# સેકટરોમાં વાણિજય પ્લોટોની હરાજી કરવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

**સેકટરોના વેપારીઓની ઇમ્પેકટ ફી ની અરજીઓ પણ પેન્ડીંગ છે : દવાખાનાઓને ખાસ કિસ્સામાં મંજુરી આપવા પણ રજુઆત**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ અન્વયે સેકટરોમાં કાર્યરત દવાખાનાઓને ખાસ કિસ્સામાં મંજુરી આપવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી છે. આ ઉપરાંત નાના વેપારીઓ પોતાનો વેપાર ધંધો કરી રોજગારી મેળવી શકે તે માટે સેકટરોમાં ત્વરિત અસરથી વાણિજય પ્લોટોની હરાજી પ્રક્રીયા હાથ ધરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં સે-૨૨ સ્થિત પારસમણી ફલેટમાં રહેતા પ્રહલાદભાઈ પેટલે આ અંગે મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં હાલ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આ મામલે અગાઉ વેપારીઓએ ઈમ્પેકટ ફી ના કાયદા હેઠળ અરજી કરી છે. પરંતુ શહેરી વિકાસ વિભાગમાં અરજીઓ પડતર છે. શહેરમાં ખાનગી દવાખાનો ચાલે છે. ત્યારે સે-૭ માં અને સે-૨૯ સહીતના સેકટરોમાં કાર્યરત દવાખાનાઓને ખાસ કીસ્સામાં મંજુરી આપવા માટે પણ તેમણે રજુઆત કરી છે. બીજીતરફ શહેરમાં નાના વેપારીઓ પોતાનો વેપાર ધંધો કરી શકે તેવી કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી. જેના લીધે વેપારીઓએ રહેણાંક વિસ્તારમાં જ કોર્મશિયલ પ્રવૃતિ શરૂ કરવાની ફરજ પડી છે. જેને ધ્યાને લઈ ટુંક સમયમાં જ સરકારે વાણિજય પ્લોટોની જુદા જુદા સેકટરોમાં મોટી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની બેંકોમાં ૧૫૭૨ કરોડની ડિપોઝીટ ઘટી પણ ધિરાણ વધતાં સી.ડી. રેસિયો વધ્યો

**એક ડઝન બેંકોનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૩૦ ટકાથી પણ નીચે : લઘુ-મધ્યમ ઉદ્યોગોનું ધિરાણ ઘટ્યું : બેંક મિત્રોની ખાલી જગ્યાઓ તાકીદે ભરવા કલેક્ટરની તીખી ટકોર, ગ્રામીણ વિસ્તારોમાં ફાયનાન્સીયલ લીટરસી કેમ્પો યોજવા પર ભાર મુકાયો**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં બેંકિંગ ક્ષેત્રમાં નવા નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૫૭૨ કરોડ રૂ.ની ડિપોઝીટો ઘટવા છતાં ધિરાણમાં નોંધાયેલ વૃદ્ધિને કારણે જિલ્લાના ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં ૬.૨૭ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલ ડીસ્ટ્રીક્ટ લેવલ બેંકર્સ કમિટીની બેઠકમાં પ્રથમ ત્રિમાસિક ગાળાની બેંકોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ સમીક્ષા બેઠકમાં ચોંકાવનારી હકીકત એ બહાર આવી હતી કે જિલ્લામાં એક ડઝન જેટલી ખાનગી બેંકો સહિતની બેંકોનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૩૦ ટકાથી પણ નીચો હતો.

મળતી વિગતો પ્રમાણે અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણમાં રૂ. ૩૧૧ કરોડનો વધારો જોવા મળ્યો છે. જો કે લઘુ-મધ્યમ ઉદ્યોગોના ધિરાણમાં રૂ. ૪૦ કરોડનું ધિરાણ ઘટેલુ જણાયુ હતુ.

ગરીબ લોકોના કલ્યાણની યોજનામાં ધિરાણ વધ્યુ છે પરંતુ કૃષિક્ષેત્રમાં ધિરાણ માટે બેંકોએ દાખવેલી ઉદાસીનતાની ગંભીર નોંધ જિલ્લાતંત્રએ લીધી છે.

જિલ્લામાં પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ૧૦૦ ટકા પરિવારોને આવરી લેવાના લક્ષ્યાંક સિદ્ધિની નોંધ પણ આ બેઠકમાં લેવામાં આવી હતી. આ ખાતાઓમાં ૩૩૨૨ કરોડની રકમ જમા હોવાનું બેંકો દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

જિલ્લાતંત્રએ અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના અને પ્રધાનમંત્રી બિમા સુરક્ષા યોજનાના લાભાર્થીઓ વધે તે જોવા માટે ખાસ આગ્રહ કર્યો હતો તેમજ બેંકોને આ માટે ખાસ અભિયાન હાથ ધરવા પણ જણાવવામાં આવ્યુ હતુ.

જે બેંકોનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૩૦ ટકાથી પણ ઓછો છે તેવી બેંકોની કામગીરી અંગે સખ્ત નારાજગી વ્યક્ત કરતાં જિલ્લાતંત્રે તેમના ધિરાણના રિપોર્ટ પણ યોગ્ય ફોર્મેટમાં ન હોવાનું જણાવી તે બાબતે કાળજી લેવામાં આવે તેવી ટકોર પણ કરી હતી.

બેંક મિત્રોની નિમણુંકમાં પણ બેંકો દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા અંગે પણ કલેક્ટરશ્રી સહિતના અધિકારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી એટલુ જ નહિ આ ખાલી જગ્યાઓ ઝડપથી ભરી દેવામાં આવે તેવી ટકોર જિલ્લા વિકાસ અધિકારીએ કરી અને વીસીઈનો પણ સંપર્ક કરવાનું મહત્વનું સૂચન કર્યું હતું.

વીમા યોજનાઓનો વ્યાપ વધે તે માટે ફાયનાન્સીયલ લિટરસી કેમ્પોનું આયોજન ગ્રામીણ વિસ્તારોમાં વધુ થાય તેવુ સૂચન પણ જિલ્લાતંત્ર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

બેંકોમાં વધતા જતા એન.પી.એ. સામે તંત્રએ લાલ આંખ કરી અને ધિરાણની રિકવરી માટે બેંકોએ તેની તમામ મશીનરીને કાર્યાન્વીત કરવી જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. જિલ્લામાં એન.પી.એ. ૬.૨૬ ટકા જેટલો નોંધાયો છે તે ચિંતાજનક હોવાની

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૬ માં છ કક્ષાના મકાનોમાં ૧૫ દિવસથી પાણી આવતુ નથી

**અગાઉ ત્રીજા માળ સુધી ફોર્સથી પાણી આવતુ હતુ પાણીની પોકાર વચ્ચે સ્થાનિકો આગ બબુલા**

ગાંધીનગર તા ૨૧

સે-૧૬ માં છ ટાઈપના વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી પાણી આવતુ નથી. પાણીની પોકાર ઉઠતા સ્થાનિકો આગ બબુલા બન્યા છે. અગાઉ ઓછા ફોર્સથી આવતુ પાણી છેલ્લા ૧૫ દિવસથી સદંતર બંધ થઈ ગયુ છે. જેમાં પ્રથમ માળે પાણીનુ ટીંપુ પણ ન આવતા રહીશોએ રોજબરોજ હાલાકી વેઠવી પડે છે. આ મામલે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરી સરકારી આવાસમાં પાણીની સમસ્યા હલ થાય તે માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો સહીત સેકટરોમા પણ સમયાંતરે પાણીની પોકરા ઉઠવા પામે છે. શહેરમાં થોડા સમય અગાઉ નવા સેકટરોમાં પણ પાણીનો પ્રશ્ન જટીલ બન્યો હતો. જયારે જુના સેકટરોમાં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. સે-૧૬ માં ૧૫ દિવસ અગાઉ ધીમા ફોર્સથી પાણી આવતુ હતુ પરંતુ હાલના દિવસોમાં પાણી જ આવતુ ન હોવાનો આક્રોશ રહીશોમાં પ્રબળ બન્યો છે. સેકટર -૧૬ ના છ ટાઈપના વિસ્તારમાં મહીલા પોલીસ સ્ટેશન નજીકના આવાસોમાં છેલ્લા ૧૫ દિવસથી પાણી આવતુ ન હોવાનુ સ્થાનિકો જણાંવી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાંવ્યા મુજબ સેકટરમાં અગાઉ પાણીનો ફોર્સ ધીમો થઈ ગયો હતો પરંતુ હવે સપ્લાય સાવ બંધ થઈ ગયો હોય તેવી સ્થિતિ છે. જેના લીધે રોજ સવારે રહીશોમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. સ્થાનિક રહીશો છેલ્લા ૧૫ દિવસથી પાણી વિના વલખા મારી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



શ્રદ્ધાનું ઘોડાપુર - મા-આદ્યશક્તિના ચરણે માથુ ટેકવવા શક્તિપીઠ અંબાજી તરફ માઈભક્તોની પદયાત્રા આગળ ધપી રહી છે... ત્યારે અનેક ભક્તો દંડવત પ્રણામ કરતા કરતાં અંબાજી ધામ તરફ પહોંચી રહ્યા છે... બાવન ગજની ધજા કે માથે ફુલના ગરબા અને માની માંડવડી લઈ પદયાત્રા કરવાની કઠીન ભક્તિના દર્શન થઈ રહ્યા છે... ઈડર અને હિંમતનગરથી આગળ અંબાજી તરફ પહોંચી રહેલા પદયાત્રીઓમાં શ્રદ્ધાનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે.... તો બીજી તરફ ખેરાલુ, ડીસા અને પાલનપુર આસપાસ બોલ મારી અંબે, જય જય અંબેના ઘોષ માહોલને ભાવભક્તિથી ભરી દે છે....

# વર્ચસ્વની લડાઈથી સિંહોના મૃત્યુ : મુખ્ય વનસંરક્ષક

**ક્ષેત્રાધિકાર માટે સિંહોની લડાઈ : છેલ્લા ૧૦ દિવસમાં ૧૧ સિંહના મૃત્યુથી વનવિભાગ અને સિંહપ્રેમીઓમાં હડકંપ : દરવર્ષે ૨૧૦ બાળ સિંહનો જન્મ આ પૈકી ૧૪૦ મૃત્યુ પામે છે : વર્ષ ૨૦૨૦ માં સિંહની વસતી ગણતરી કરાશે : બિમારી ફેફસા - લીવરમાં ઇન્ફેક્શનથી પણ સિંહના મોત થયા છે : પોસ્ટમાર્ટમ રીપોર્ટના અંતે કોઇપણ સિંહના પેટમાંથી ફુડ પાર્ટીકલ મળ્યા નથી**

ગાંધીનગર તા ૨૧

છેલ્લા ૯ દિવસના સમયગાળામાં ગીર અભ્યારણ્ય વિસ્તારમાં દલખાણીયા રેન્જમાં ૯ અને જશાધાર રેન્જમાં ૨ તેમ કુલ મળીને ૧૧ સિંહોના મૃત્યુના બનાવ સંદર્ભે મુખ્ય વન સંરક્ષકે જણાંવ્યુ હતુ કે સિંહોના મોતનુ કારણ ઈનફાઈટ છે. વાયરલના લીધે સિંહના મોત થયા હોવાનુ ધ્યાને આવ્યુ નથી. જયારે મૃત્યુ પામેલા ૧૧ સિંહ પૈકી ૬ બાળ સિંહ અને પાંચ પુખ્ત હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ. જેમાં ત્રણ માદા સિંહણ અને બે નર સિંહનો સમાવેશ થાય છે. જયારે સિંહ બાળમાં ત્રણના ઈનફાઈટમાં અને અન્યના સારવાર દરમિયાન મોત નિપજયા છે. જયારે બે સિંહના મોત બિમારીથી તેમજ ત્રણના લીવર અને ફેફસામાં ઈન્ફેકશનના લીધે થયા છે.

ગીર અભ્યારણ્ય વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસમાં ૧૧ સિંહના મોત નિપજતા હાહાકાર મચી ગયો છે. સિંહ પ્રેમીઓમાં પણ ઘોર નારાજગી સાથે ચિંતા પ્રવર્તી છે. આ મામલે આજે વન વિભાગના મુખ્ય વન સંરક્ષક જી કે સિંહાએ જણાંવ્યુ હતુ સિંહ એક ક્ષેત્રિય પ્રાણી હોવાથી તેમજ ગૃપમાં વસવાટ કરતા હોવાથી નરસિંહ કમજોર થાય કે ઉંમરના લીધે તેમના ક્ષેત્રનુ રક્ષણ કરવા માટે સક્ષમ ન હોય તેવા સંજોગોમાં નજીકમાં વસવાટ કરતા નરસિંહ તેમના પર હુમલો કરીને મારી નાંખવાનો સ્વભાવ ધરાવ છે. જેથી ક્ષેત્રાધિકાર અને વર્ચસ્વની લડાઈના કુદરતી કારણોસર બાળસિંહ તેમજ સિંહણનુ મૃત્યુ થયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. સિંહના મૃત્યુના કુદરતી કારણોમાં વૃધ્ધાવસ્થા, બિમારી,ઈજા, કમજોરી,માતાનુ ત્યજી દેવુ, મારી નાંખવુ, ક્ષેત્રાધિકારની લડાઈ, તેમજ ટેરેટરી પર કબજો જમાવ્યા બાદ નવા સિંહ દ્વારા જુનાસિંહના બાળ સિંહોને મારી નાંખવામાં આવતા હોવાનુ પણ વિશેષ રીતે ધ્યાને આવ્યુ છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે દલખાણિયા એક જ નહીં પરંતુ બે રેન્જમાં સિંહના મૃત્યુ થયા છે. જયારે સિંહના મોત પાછળ ઈનફાઈટનુ કારણ જવાબદાર છે. જયારે વાઈરલથી સિંહના મોત થયા હોવાનુ ધ્યાને આવ્યુ નથી. મૃત્યુ પામેલ સિંહમાં ૫ પુખ્ત તેમજ ૬ બાળ સિંહનો સમાવેશ થાય છે.

જયારે સિંહના મૃત્યુ પાછળ ઈનફાઈટ તેમજ બિમારી પણ જવાબદાર છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે પાંચ પુખ્ત વયના સિંહમાંથી બે કિસ્સામાં માઈક્રોચીપ મળી આવી છે. જયારે પાંચ સિંહોને રેસ્કયુ કરીને સરસિયા વિસ્તારમાં રાખવામાં આવ્યા છે. સિંહના ગળામાં ચીપ મળી આવતા આ વિસ્તારમાં બહારના સિંહોની અવરજવર વધારે હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જયારે પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં સિંહના પેટમાં ફુડ પાર્ટીકલ મળી આવ્યો નથી. મુખ્ય વનસંરક્ષકના જણાંવ્યા મુજબ ગીરમાં દર વર્ષે ૨૧૦ બાળ સિંહનો જન્મ થાય છે. જયોર આ પૈકી ૧૪૦ મોતને ભેટે છે.

## બે વર્ષમાં ૧૬૮ સિંહના મૃત્યુ : ૩૭ અકુદરતી

છેલ્લા બે વર્ષ દરમિયાન કુદરતી અને અકુદરતી કારણોસર કુલ ૧૬૮ સિંહના મૃત્યુ થયા છે. જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કુલ ૯૯ સિંહના મોત નિપજયા હતા. જયારે આ પૈકી ૮૦ સિંહના કુદરતી અને ૧૯ ના અકુદરતી મૃત્યુ થયા છે.જયારે વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૬૯ સિંહના મૃત્યુ થયા છે.જેમાં ૫૧ કુદરતી અને ૧૮ સિંહના અકુદરતી મૃત્યુ થયા છે.

## છેલ્લી વસતી ગણતરીના અંતે નોંધપાત્ર વધારો સિંહની સંખ્યા ૫૨૩

રાજયમાં દર પાંચ વર્ષે સિંહની ગણતરી કરવામાં આવે છે. જે મુજબ વર્ષ ૨૦૦૫ માં સિંહની સંખ્યા ૩૫૯ હતી. જયારે વર્ષ ૨૦૧૦ માં સિંહની સંખ્યામાં ૧૪.૪૮ ટકાના વધારા સાથે સિંહની સંખ્યા ૪૧૧ થઈ હતી. જયારે વર્ષ ૨૦૧૫ માં સિંહની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. જેના અંતે સિંહની સંખ્યા ૫૨૩ એ પહોંચી હતી.જયારે ટકાવારીમાં ૨૭.૨૫ ટકાનો વધારો થયો હતો. વન વિભાગે જણાંવ્યુ હતુ કે છેલ્લા ગણતરીના અંતે ધ્યાને આવ્યુ છે કે છેલ્લા એક દાયકમાં સિંહની વસતીમાં વિક્રમજનક વધારો થયો છે. સિંહોની વસતીનો વધારો ખુબ જ હકારાત્મક અને તંદુરસ્ત છે.

# સે. ૩ અને રાંધેજામાંથી સ્વાઈન ફલુના એક-એક કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર વધવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાંથી એક અને ગાંધીનગર તાલુકાના રાંધેજામાંથી સ્વાઈન ફલુનો એક-એક કેસ મળી આવ્યો છે.

જિલ્લામાંથી આ બે કેસ મળતાં જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૧૪૫૨ પહોંચી છે. જયારે આ રોગને કારણે અત્યાર સુધીમાં ત્રણ દર્દીના મોત થયા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩માંથી સ્વાઈન ફલુનો એક કેસ મળી આવેલ છે. સરકારી નોકરી કરતા ૪૬ વર્ષીય આ પુરૂષ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાંથી પ્રથમ કેસ સ્વાઈન ફલુનો મળતાં જ શહેરી આરોગ્યતંત્રએ તાબડતોબ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે જો કે અન્ય કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી.

તો રાંધેજામાંથી એક શ્રમિક પરિવારના યુવાનને પણ સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને પગલે આરોગ્યતંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પૂર્વે અને બાદ જિલ્લામાં બે તબક્કામાં એકતા યાત્રા યોજવાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ભરૂચ નજીક સાધુબેટ ખાતે આકાર પામેલ સરદાર પટેલના સ્ટેચ્યુનું લોકાર્પણ થાય તે પૂર્વે અને તે પછી જિલ્લામાં બે તબક્કે એકતા યાત્રાઓનું આયોજન કરાયું છે.

પ્રથમ તબક્કો એકતા યાત્રાનો ૨૦થી ૨૯ ઓક્ટો. દરમ્યાન યોજાશે અને ૩૧મી ઓક્ટો.ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાધુબેટ ખાતે વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની પ્રતિમાનુ અનાવરણ કરશે.

જિલ્લાતંત્ર દ્વારા બે તબક્કામાં એકતાયાત્રાનું આયોજન કરાયુ છે. બીજા તબક્કાની યાત્રા ૧૨ નવેમ્બરથી ૨૧ નવેમ્બર દરમ્યાન યોજાશે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com